# બાલેટા ગ્રામ પંચાયતમાં દોઢ કરોડના ભ્રષ્ટાચારના આક્ષેપથી ખળભળાટ

## ભ્રષ્ટાચારની તપાસ કરવા મામલતદારને આવેદન, મહિલા તલાટીની મિલ્કતોની તપાસ કરવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

વિજયનગર તાલુકાના બાલેટા ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં રૂા.દોઢ કરોડનો ભ્રષ્ટાચાર આચરાયો હોવાના આક્ષેપ સાથે વિજયનગર મામલતદારને સ્થાનિકો દ્વારા આવેદન આપી તપાસ માટે માંગ કરાતાં તાલુકામાં ખળભળાટ મચ્યો છે. વિકાસના કામોમાં યેનકેન પ્રકારે ખોટું કરી નાણાકીય ગોલમાલ કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપ લગાવાયા છે. જ્યારે મહિલા તલાટીએ સ્થાવર અને જંગમ મિલ્કતો વસાવી હોવાના આક્ષેપથી તાલુકાના તલાટીઓ સ્તબ્ધ બન્યા છે. ગ્રામ પંચાયત દ્વારા વર્ષ-૨૦૧૦ થી ૨૦ દરમ્યાન થયેલ વિવિધ કામોની માહિતી માંગવામાં આવ્યા પછી ભ્રષ્ટાચારની આશંકા મજબૂત બનતાં આ અંગે ન્યાયિક તપાસ કરવા માટે લેખિત રજૂઆત કરવામાં આવતાં પંચાયતી શાસનમાં સનસનાટી મચી છે.



જિલ્લાના આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવી રહ્યા છે. ગ્રામ પંચાયતોના સીધા વહીવટ હેઠળ થતા વિકાસના કામો હંમેશ ભ્રષ્ટાચારના આક્ષેપથી ખરડાતા હોય છે તેમાંય ટ્રાયબલ વિસ્તારમાં આવતી ગ્રાન્ટો ક્યાં અને કેટલી વપરાઈ..?? તેની ઉંડી તપાસ થાય તો આદિવાસી વિસ્તારના વિકાસના નામે આચરવામાં આવેલા નાણાકીય કૌભાંડો બહાર આવી શકે છે. તાલુકાના બાલેટા ગ્રામ પંચાયતમાં છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કામોમાં પંચાયતના સત્તાધિશો દ્વારા મોટું નાણાકીય કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ ઉઠ્યા પછી સ્થાનિક નાગરિક દ્વારા આ અંગેની માહિતી માંગવામાં આવી હતી જેમાં વર્ષ-૨૦૧૦ થી ૨૦૨૦ના સમયગાળામાં થયેલ કામોમાં મોટી ગોલમાલ કરી ભ્રષ્ટાર આચરવામાં આવ્યો હોવાનું જણાતાં સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા વિજયનગર મામલતદાર પી.ડી.ચૌહાણને આવેદનપત્ર આપી અંદાજીત દોઢ કરોડના કથિત ભ્રષ્ટાચારની તપાસ કરવા માટે માંગણી કરવામાં આવતાં હલચલ મચી છે. મામલતદારને આપવામાં આવેલા લેખિત આવેદનમાં મહિલા તલાટીએ ભ્રષ્ટાચારમાં હાથ ધોઈ સ્થાવર તેમજ જંગમ મિલ્કતો વસાવી હોવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે.

# આનંદો : બાયડમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૩૩૩ લાભાર્થીઓને પાંચમો હપ્તો ચૂકવાયો

## આવાસ યોજના ગતિ પકડી રહી છે, પાલિકાના સત્તાધિશોની મહેનત રંગ લાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ પાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ હપ્તાથી વંચિત હતા.



છેલ્લા ૧ વર્ષથી નિર્ધારીત કામ પુરૂ થયા પછી પણ લાભાર્થીઓના બેન્ક ખાતામાં પાંચમા હપ્તાની રકમ જમા થઈ ન હતી આ અંગે બાયડ પાલિકાના વર્તમાન સત્તાધિશોએ એજન્સી તથા રાજ્ય સરકાર સાથે સંકલનમાં રહી જે વિગતો ખૂટતી હતી તે પૂરી કરતાં છેલ્લા ૨ દિવસ દરમ્યાન બાયડ પાલિકા વિસ્તારના ૩૩૩ લાભાર્થીઓના ખાતામાં લાભાર્થી દીઠ રૂા.૭૦ હજારની રકમ જમા થતાં લાભાર્થીઓમાં ખુશાલી છવાઈ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના દરેક વિસ્તારોમાં કોઈને કોઈ કારણોસર વિવાદમાં રહી છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારો જરૂરીયાતમંદ પરિવારોને પોતાના સ્વપ્નાનું ઘર મળી રહે તેવા કેન્દ્ર સરકારના પ્રયાસો સફળ પૂરવાર થઈ રહ્યા છે.

બાયડ પાલિકા વિસ્તારમાં આવતા બાયડ ઉપરાંત અરજણવાવ, ધડુશીયામઠ, અદાનાછાપરા, સુંદરપુરાના અંદાજીત ૩૩૩ લાભાર્થીઓના ખાતામાં રૂા.૭૦,૦૦૦નો હપ્તો ન પડતાં કામ ખોરંભે પડ્યું હતું. સામે ચોમાસુ હતું અને કામ વધુ વિલંબમાં પડે તો અનેક પરિવારોને રહેવું ક્યાં..?? તેવી મુશ્કેલી ઉભી થઈ હતી આ સંજોગોમાં બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોની દ્વારા લાભાર્થીઓને તેમની બાકી નિકળતી રકમ સત્વરે મળે તેવા પ્રયાસ શરૂ થયા અને દીશા સિવિલ એન્જીનિયરીંગ ડીઝાઈનના ધવલ ચારણ, દિપેશ પ્રજાપતિએ પણ ઝડપી કામગીરી કરતાં બાયડ પાલિકા વિસ્તારના લાભાર્થીઓના ખાતામાં કુલ-૨.૩૩ કરોડથી વધુની રકમ જમા થતાં ફીનીસીંગ લેવલ સુધીની તમામ ગ્રાન્ટ ફળવાઈ ચૂકી છે.

# સાબર ટ્રાફીક એજ્યુકેશન ટ્રસ્ટ પ્રમુખ તરીકે ગોપાલસિંહ રાઠોડ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

સાબર ટ્રાફીક એજ્યુકેશન ટ્રસ્ટ સાબરકાંઠાના પ્રમુખ તરીકે



ગોપાલસિંહજી રાઠોડ (એન.જી.) ની નિયુક્તિ કરાતાં સૌએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

**પોલીસ સામે પોલીસની ફરિયાદ**

# ઈડર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. કમાન્ડો તાલીમમાં જવાનું ટાળી રજા ઉપર

## વારંવારની નોટિસ છતાં તાલીમમાં ગયા નહીં, રજાનું કારણ પણ ન બતાવતાં ફરિયાદ

ઈડર / બાયડ તા.૦૯

સામાન્ય નાગરિકો સામે પોલીસ ફરિયાદ નોંધાય ત્યારે બહુ ઉત્સુક્તા જોવા મળતી નથી પરંતુ ખાખી વર્દી સામે ખુદ પોલીસ ફરિયાદ આપે ત્યારે જરૂર ચર્ચાનો વિષય બનતો હોય છે. ઈડર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બિનહથિયારધારી એ.એસ. આઈ. હીરેન જીવરાજભાઈ મોડીયાએ ગાંધીનગરના કરાઈ તાલીમ કેન્દ્રમાં કમાન્ડોની ટ્રેનિંગમાં જવાનું હોવા છતાં ટાળી દઈ કારણ બતાવ્યા વગર રજા ઉપર ઉતરી વારંવાર આપવામાં આવેલી નોટિસો છતાં બિમારી કે તાલીમમાં ન જવાનું અન્ય કોઈ ઠોસ કારણ ન આપતાં પોલીસ ફરિયાદ થઈ છે. એ. એસ.આઈ. દ્વારા પોલીસ કાર્યાલયના આદેશનો ભંગ કરવામાં આવતાં ખાતાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અત્યાર સુધી કાયદાનું પાલન કરાવતી પોલીસ ઉપર માત્ર ભ્રષ્ટાચારના આક્ષેપો સાંભળવામાં આવતા હતા પરંતુ હવે પોલીસ પોતાના જ કાર્યાલયના આદેશોનું ઉલ્લંઘન કરતી હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. વિજયનગર તાલુકાના સામૈયાના વતની અને ઈડર પોલીસ સ્ટેશનમાં બિનાહથિયારધારી એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હીરેન મોડીયાએ પોલીસની શિસ્તબધ્ધ ફરજમાં અશિસ્તનું વર્તન કર્યું છે જેમાં તાજેતરમાં તેમને કરાઈ ખાતે બેઝીક કમાન્ડો તાલીમમાં જવાનું હોવાથી પોલીસ કાર્યાલય દ્વારા તેમને આ અંગેની વિધિવત જાણ કરવામાં આવી હતી પરંતુ એ.એસ.આઈ.એ માંદગીનું વ્યાજબી કારણ દર્શાવ્યા વગર રજા ઉપર ઉતરી ગયા હતા જેમાં ઈડર પોલીસ દ્વારા તેમને હાજર થવા માટે બે વાર નોટિસની બજવણી કરવામાં આવી હતી પરંતુ સદર એ.એસ.આઈ. હાજર થયા ન હતા અને બજવણી પછી પણ લેખિત કે મૌખિક કોઈ પ્રત્યુત્તર આપ્યો ન હતો અને ગેરહાજર રહી કારણ દર્શાવ્યા વગર બેઝિક કમાન્ડો તાલીમમાં જવાનું ટાળી દેતાં ઈડર પી.એસ.આઈ. જે.એમ.રાઠવાની ફરિયાદના આધારે એ.એસ.આઈ. સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# બાયડ શહેર ભાજપ કિસાન મોરચા પ્રમુખ-મહામંત્રી નિમાયા

(ફોટો ફાઈલ-૦૯-બી.વાય.ડી.-૦૧૨)

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ શહેર ભાજપ કિસાન મોરચાના પ્રમુખ રવચંદભાઈ મગનભાઈ પટેલ(અરજણવાવ), મહામંત્રી ધનરાજ બાબુભાઈ પટેલ(બાયડગામ)ની નિયુક્તિ



થતાં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, દંડક ભાવનાબેન જોષી, સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, દિપકભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપનભાઈ એ. પટેલ સહિત ભાજપના કાર્યકરોએ તેમની નિમણૂંકને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રવેશ નિયમ : ઉત્તર ગુજરાતના છાત્રોને ઈજનેર-ફાર્માસીમાં પ્રવેશ માટે ગુજકેટ-ધો.૧૨ ના ૫૦ ટકા ગણાશે

## માસ પ્રમોશન પછી ૬૦:૪૦ ની ગુણ પદ્ધતિમાં ફેરફાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

કોરોનાના કારણે ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. ટૂંક સમયમાં ગુજકેટની પરીક્ષા યોજાવવાની છે ત્યારે ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટેના નિયમ જાહેર થયા છે જે મુજબ ગુજકેટ અને ધો.૧૨ સાયન્સના ૫૦-૫૦ ટકા ગણાશે. અગાઉ ૬૦:૪૦ ટકા મુજબની ગુણ પદ્ધતિ આધારે મેરીટ બનાવી પ્રવેશ અપાતો હતો પરંતુ માસ પ્રમોશનના કારણે ફેરફાર થયો છે.

રાજ્યના ૧.૨૬ લાખથી વધુ નોંધાયેલા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના રેગ્યુલર છાત્રોને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. માસ પ્રમોશન પછી પ્રવેશ પ્રક્રિયામાં અડચણ ઉભી થાય તેવી સંભાવના વધી હતી. પરંતુ હવે તેનો પણ હલ આવ્યો છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને એન્જીનિયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગુણભારની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજકેટ અને ધો.૧૨ના ગુણની ટકાવારીમાં ફેરફાર કરી મેરીટ લીસ્ટ બનાવવામાં આવશે. જેમાં અગાઉના વર્ષોમાં ગુજકેટના ૬૦ ટકા અને ધો.૧૨ પરિણામના ૪૦ ટકા મુજબ ગુણ ગણી મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવતું હતું પરંતુ માસ પ્રમોશન પછી ગુજકેટ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના સમાન ૫૦ ટકા ગુણના આધારે મેરીટ તૈયાર થશે. જ્યારે બાયોલોજી સાથે ઉત્તિર્ણ થયેલા ધો.૧૨ના વિદ્યાર્થીઓને એન્જીનિયરીંગના ૧૫ વિષયોમાં અભ્યાસ માટે પ્રવેશ આપવામાં આવશે.



**અરવલ્લીમાં વિદેશી દારૂની ખેપ યથાવત**

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા બે ત્રણ દિવસ દારૂની ખેપ બંધ કર્યા પછી ફરીથી બુટલેગરો લકઝુરીયસ કારમાં વિદેશી દારૂની ખેપ મારવાની શરૂ કરતા પોલીસે બુટલેગરોના કીમિયા પર પાણી ફેરવી દીધું હતું શામળાજી પોલીસે અણસોલ નજીક સ્કોડા કારમાંથી ૧.૮૩ લાખથી વધુનો દારૂ સાથે બે હરીયાણાના બે ખેપીયાને દબોચી લીધા હતા મેઘરજ પોલીસે ઉડવા ચેકપોસ્ટ પરથી હુન્ડાઈ એકસેન્ટ કારમાંથી ૧.૩૮ લાખથી વધુનો દારૂ સાથે અમદાવાદ નરોડાના બંસીની ચાલીમાં રહેતા કમલેશ રામજીલાલ શર્મા નામના બુટલેગરને દબોચી લીધો હતો.

# ઉત્તર ગુજરાતમાં આવતી કાલથી પવન સાથે વરસાદની આગાહી, મુરઝાતી ખેતી માટે વરસાદ જરૂરી

## વરસાદ નહીં વરસે તો ખેડૂતો પાયમાલ થશે, વરસાદ માટે પ્રાર્થનાઓ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતાં ખેતી ઉપર સંકટ મંડરાયું છે. ભરચોમાસે ધોધમાર વરસાદ વરસવાના બદલે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે રવિવારથી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં પવન સાથે વરસાદની આગાહી કરી છે. વરસાદ નહીં વરસે તો ખેડૂતો પાયમાલ થવાનો ભય છે. વરસાદ માટે અનેક ગામડાઓમાં પ્રાર્થના શરૂ થઈ છે.

વરસાદ ખેંચાય ત્યારે જ પાણીનું મહત્વ પ્રજા અને ખેડૂતોને સમજાય છે. દર વર્ષે વરસાદ ખેંચાય એટલે ભગવાન શિવજીને ડૂબાડવા સહિત પર્જન્ય યજ્ઞ યોજાતા આવ્યા છે. આ વર્ષે મે. મહિનામાં તાઉતે વાવાઝોડાના કારણે ૫ જિલ્લાના અનેક વિસ્તારોમાં દોઢ થી પાંચ ઈંચ વરસાદ વરસ્યો. ખેડૂતો ચોમાસુ જામ્યું છે તેમ માની વાવણી કરી દીધી અને પછી જૂન મહિનામાં કેટલાક વિસ્તારોમાં વરસાદની હાજરી જોવા મળી. જેના કારણે ખરીફ વાવેતર વિસ્તાર વધ્યો પરંતુ પાછલા એક પખવાડીયાથી વરસાદ ખેંચાઈ રહ્યો છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે જેના કારણે તાપ અને ગરમીથી જમીનમાં ધરબેલું બિયારણ નિષ્ફળ જવાનો ભય ઉભો થયો હતો. ત્યારે અરબી સમુદ્રમાં નૈઋત્યનું ચોમાસુ મજબૂત બન્યું છે અને બંગાળની ખાડીમાં આજે લો-પ્રેશર સર્જાવવાની આગાહીના પગલે વરસાદનો ભારે રાઉન્ડ ગુજરાતમાં મૂરઝાતી ખેતીને જીવતદાન આપી શકે છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે રવિવારથી દક્ષિણ-મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસશે અને ત્યારબાદ પછીના દિવસોમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# ખારીબેડીના જંગલમાં રસ્તામાં અવરોધ ઉભા કરી વન કર્મીઓ ઉપર પથ્થરમારો

## એસ.આર.પી.ની સુરક્ષા છતાં અગાઉની અદાવતમાં ટોળાનું કૃત્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

વિજયનગર તાલુકાના ખારીબેડી ગામના અનામત જંગલની જમીનમાં અગાઉ વન વિભાગ દ્વારા હદ દબાણની કામગીરી સમયે થયેલ દંગલની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી જેની અદાવતમાં ગત રોજ દિતાજી હીરાભાઈ ગમાર સહિતના ટોળાએ રસ્તામાં આડસ ઉભી કરી વન કર્મચારીઓ ઉપર પથ્થરમારો કરતાં ચકચાર મચી છે. હદ દબાણ બાબતે થયેલ વિવાદ પછી વન કર્મીઓને એસ.આર.પી. જવાનોની સુરક્ષા આપી હોવા છતાં તેમની હાજરીમાં ટોળાએ જાનથી મારી નાખવાની ધમકી સાથે હલ્લાબોલ કરતાં આ મુદ્દે ગમે ત્યારે મોટો ભડકો થવાની દહેશત વ્યક્ત થઈ છે.

**આરોપી..**

દીતાજી હીરાભાઈ ગમાર
શારદાબેન સરદાભાઈ બદાભાઈ રોંયણિયા
સૂમીબેન બદાભાઈ રોંયણિયા
રાયસણ મણાજી તરાલ
જ્યંતિભાઈ લાઘાભાઈ ગમાર
અલકાબેન ભગાભાઈ રોંયણિયા
(તમામ રહે.ખારીબેડી, તા.વિજયનગર)
સંતાબેન કેહરાભાઈ ખોખરીયા
(રહે.ઝેર, તા.જાડોલ, રાજસ્થાન)

જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં બંધારણના કાયદામાં માનવા કરતાં અહીં પ્રજાનું અલગ જ શાસન ચાલી રહ્યું હોય તેમ જાતે ન્યાય લેવામાં આવી રહ્યો છે. સામાન્ય બાબતોમાં ખૂની હુમલા કાયમી બન્યા છે તેમાંય વન વિભાગના કર્મચારીઓ સાથે કોઈને કોઈ મુદ્દે સ્થાનિક પ્રજા વચ્ચે કાયમી વયમનસ્ય ભડકા સ્વરૂપે પ્રગટ થતું હોય છે. તાલુકાના ખારીબેડી ગામે અગાઉ વન વિભાગ દ્વારા હદ દબાણની કામગીરી શરૂ કરવામાં આવી હતી જે સમયે સરદારભાઈ બદાભાઈ રોયણિયા તથા દીતાભાઈ હીરાભાઈ ગમારે કામગીરી અટકાવતાં તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી દરમ્યાન તા.૬ ના રોજ તેની અદાવત રાખી ટોળાએ આંતરસુંબા આશ્રમ ફોરેસ્ટ રેન્જ કચેરીના વન રક્ષક અશ્વિનસિંહ કનુસિંહ રાઠોડ અને અન્ય વન કર્મીઓ તેમને આપવામાં આવેલા એસ.આર.પી. જવાનના સુરક્ષા કવચ સાથે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા જે દરમ્યાન ટોળાએ રોડ ઉપર પથ્થરો મૂકી રસ્તો આંતરવાનો પ્રયાસ કર્યો હતો જેમાં કેટલાક ઈસમોએ છૂટા પથ્થર ફેકતાં ઉત્તેજના વ્યાપી હતી. હદ દબાણ બાબતે ઉશ્કેરાયેલા ટોળાએ જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસ ફરિયાદ થઈ છે.

# ડીસાના સિંધી કોલોની વિસ્તારમાં માતા-પુત્ર ઉપર હુમલો : ફરિયાદ દાખલ

ડીસા, તા. ૯

ડીસા પથકમાં મારામારીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે જેમાં સામાન્ય બોલાચાલીમાં પણ લોકો ઉશ્કેરાઈ જઈ ગુનાને અંજામ આપી રહ્યા છે ત્યારે આજે ફરી એક મારામારીની ઘટના ડીસાના સિંધી કોલોની વિસ્તારમાં બનવા પામી છે. જેમા સિંધી કોલોની વિસ્તારમાં રહેતા રમેશભાઈ ગુલાબજી ઠાકોર રાત્રે જમ્યા બાદ પોતાના ઘરની આગળ ખાટલો વસાવીને સુતા હતા તે દરમિયાન નિકુંજકુમાર રાજુભાઈ લુહાર ફરિયાદીના ઘરની આગળ પથરો ફેંકતા હોઈ ફરિયાદી દ્વારા નિકુંજકુમારને ઠપકો આપતા નિકુંજકુમાર લુહાર અચાનક ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદીના પુત્ર આકાશકુમારને ગડદાપાટુનો માર મારતાં આકાશ કુમારની દાદી દલુબેન છૂટા પાડવા જતાં તેમને પણ નિકુંજકુમાર લુહારે લોખંડની પાઈપ જમણા પગે અને સાથળના ભાગમાં મારતા તેઓ અચાનક નીચે પડી ગયા હતા અને બચાવવા માટે લોકોને મદદ માગી હતી જેથી આજુ બાજુમાંથી લોકો ભેગા થઈ જતાં માતા અને પોત્રને બચાવી લીધા હતા.

# ઉત્તર ગુજરાતમાં વરસાદની અછતમાં વધુ એક ચિંતા ખેતીમાં ચૂસીયા જીવાતનો ઉપદ્રવ વધવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

ઉત્તર ગુજરાતમાં વરસાદની અછતથી કૃષિ ક્ષેત્રે ચિંતા ઉભી થઈ છે. વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાતાં વાવેતર નિષ્ફળ જવાના ભય વચ્ચે હવે તાપમાનમાં વધારો થતાં ચૂસીયા પ્રકારની જીવાતનો ખેતીમાં ઉપદ્રવ વધવાની દહેશત કૃષિ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. ખાસ કરીને મગફળી સહિતના પાકમાં જીવાત વધુ નુક્સાન કરી શકે તેમ હોવાથી ખેડૂતોની ચિંતામાં વધુ એક વધારો થયો છે. કેટલાક વિસ્તારોમાં એક તરફ વરસાદ વરસતો નથી અને બીજી તરફ અસહ્ય ગરમીનું વાતાવરણ ઉભું થતાં વાવેતરમાં ચૂસીયા જીવાત દેખાતાં ખેડૂતોએ દવાનો છંટકાવ શરૂ કર્યો છે.

ચોમાસુ ઘોંચમાં પડ્યું છે જળાશયોમાં પાણીનાં તળીયાં દેખાય તેવી સ્થિતિ ઉભી થવા જઈ રહી છે. વહેલા વરસાદ સાથે ચોમાસુ વહેલું શરૂ થયું હોવાનું માની ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ખેડૂતોએ ખરીફ વાવેતરનો ધમધમાટ શરૂ કર્યો. કોરોના કાળમાં ખેતમજૂરોની અછત છતાં ખેડૂતોએ ખેતીમાં મન પરોવ્યું પરંતુ વરસાદ ગાયબ થઈ જતાં હવે ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. વાવેતર બચાવવા માટે સિંચાઈની સગવડ ધરાવતા ખેડૂતોએ પાણી છોડી વાવેતર બચાવવાનો પ્રયાસ કર્યો તો કેટલાક વિસ્તારોમાં આજે પણ ખેડૂતો આકાશી ખેતી ઉપર નભતા હોવાના કારણે વાવેતર નિષ્ફળ ન જાય તે માટે કેનાલોમાં સિંચાઈનાં પાણી છોડવા માટે ખેડૂતો આશા લગાવીને બેઠા છે ત્યાં ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં તાપમાનનો પારો ઉંચકાયા પછી ખેતીમાં ચૂસીયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ વધવાની દહેશત છે. ચૂસીયા પ્રકારની જીવાત ખેતીને માઠું નુક્સાન પહોંચાડી શકે તેમ હોવાથી જાગૃત ખેડૂતોએ અત્યારથી દવા છંટકાવના કામ શરૂ કર્યા છે. હજુ જો વરસાદ ખેંચાશે અને તાપમાનનો પારો ઉંચો રહ્યો તો તમામ જિલ્લાઓમાં ખેતીમાં ચૂસીયા જીવાતનો ઉપદ્રવ વધશે તેવું ખેતી તજજ્ઞો બોલી રહ્યા છે.

**ચૂસીયા જીવાતને નાથવા દવા છંટકાવ જરૂરી**

ઉત્તર ગુજરાતમાં વરસાદની ખેંચ વચ્ચે તાપમાનનો પારો ઉંચકાતાં ખરીફ ખેતી ઉપર સંકટના વાદળ ઘેરાયા છે. સિંચાઈની સુવિધા ધરાવતા ખેડૂતોએ પાક બચાવવા માટે ભરચોમાસે સિંચાઈનાં પાણી આપવાની શરૂઆત તો કરી પરંતુ કેટલાક વિસ્તારોમાં ચૂસીયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ દેખાયો છે જેથી જીવાતનો ઉપદ્રવ વધે તે પૂર્વે ડાયમીથીઓયેટ-૨૦ મીલી અથવા થાયોમીથોકઝામ-૨.૫ ગ્રામ અથવા મીથાઈલ-ઓ-ડીમોટોન-૧૦ મીલી અથવા ફોલ્કામીડોન-૩ મીલી ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો જોઈએ તેવી સલાહ કૃષિ નિષ્ણાતોએ આપી છે.